# Economic Times (Gujarati)

## Payments Bank System

**Date: 07/09/2015 | Edition: Mumbai | Page: 04 | Source: Bureau | Clip size (cm): W: 34 H: 18**

Clip: 1 of 1


# પેમેન્ટ બેન્ક્સથી સિસ્ટમમાં ધરખમ ફેરફાર થશે

## તમારા નાણાંમાં હિસ્સો પડાવવા માટે ટૂંક સમયમાં નવા 11 બેન્કિંગ એકમો અસ્તિત્વમાં આવશે


**પ્રીતિ કુલકર્ણી**


બેન્કિંગ સેક્ટરે પેમેન્ટ બેન્કને આવકારી છે, ગ્રાહકો તેના દ્વારા સારી સર્વિસ મેળવી શકશે અને તેમના નાણાકીય વ્યવહારનો ખર્ચ પણ નીચો રાખી શકશે.

તાજેતરમાં રિઝર્વ બેન્કે પેમેન્ટ બેન્કો પ્રસ્થાપિત કરવા માટે ૧૧ અરજદારોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ બેન્કો ડિપોઝિટ્સ અને રેમિટન્સ સ્વીકારવા જેવી પ્રોડક્ટ્સ અને સર્વિસિસ પૂરી પાડશે, પરંતુ તે લોન નહીં આપી શકે. તેઓ તેમના નેટવર્કના એક્સેસ પોઈન્ટ, બિઝનેસ કોરસપોન્ડન્ટ્સ કે બીજા દ્વારા પૂરા પાડવામાં આવનારા નેટવર્ક દ્વારા આ સર્વિસ પૂરી પાડશે. તેના લીધે નાણાકીય સમાવેશિતાનો વ્યાપ વધુ વધે તેમ માનવામાં આવે છે, પેમેન્ટ બેન્કો દ્વારા બેન્કની સેવા ન મેળવનાર કે નીચી આવકવાળા જૂથને પણ તેનો ફાયદો મળશે.

અર્ન્સ્ટ એન્ડ યંગ ફાઇનાન્શિયલ સર્વિસિસના નેશનલ હેડ અબિઝેર દીવાનજીનું કહેવું છે કે, "તેઓ તમામ ગ્રાહકોને સર્વિસ પૂરી પાડશે. તે ખાસ કરીને યુવાનોને અપીલ કરે છે."

પીડબલ્યુસીના બેન્કિંગ અને કેપિટલ માર્કેટ્સના પાર્ટનર અને લીડર શિન્જીની કુમાર ઉમેરે છે કે, "તેઓ બધા સેગમેન્ટ્સના ગ્રાહકોને ટાર્ગેટ બનાવશે. તેઓ તેમ નહીં કરે તો નફો નહીં કરી શકે." રિઝર્વ બેન્કનું આ પગલું તેવા સમયે આવ્યું છે જ્યારે ડિજિટલ પેમેન્ટ કે ચુકવણી મોટી છલાંગ મારવા તૈયાર છે. બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપના અભ્યાસ મુજબ ડિજિટલ બેન્કિંગ કસ્ટમર બેઝ ૨૦૨૦ સુધીમાં ૨૩ કરોડની સપાટી વટાવી જાય તેવી સંભાવના છે અને તે પેમેન્ટ બેન્કો અસ્તિત્વમાં આવવાના લીધે તે ૩૦ કરોડ સુધી પહોંચે તેવી સંભાવના છે. વધુમાં હાલની મેઇનસ્ટ્રીમ બેન્કો અને એકમો પણ પેમેન્ટ પ્રોસેસિંગ સેવા પૂરી પાડે છે, જેણે આ માટેનો આધાર રચી જ દીધો છે.

અડધા ઉપરાંતના ડિજિટલ બેન્કિંગ ગ્રાહકોનું કહેવું છે કે તેઓ પેમેન્ટ બેન્કો લોન્ચ થયા પછી તેને એક વખત અજમાવી જોવા માંગે છે. અહીં તમે જે પ્રકારના નાણાકીય વ્યવહારો કરો છો તેના પર કેવી રીતે અસર પડે છે તે જોઈએ.

### નીચો સોદાકીય ખર્ચ:

પેમેન્ટ બેન્કો વર્તમાન બેન્કિંગ સિસ્ટમને પૂરક હોવાનું માનવામાં આવે છે. તેમાં પણ સ્પર્ધા વધતાં બેન્કોએ તેમની સેવાઓની ધાર વધુ તીવ્ર બનાવવી પડશે. આમાં મંજૂરી મેળવનારા ઘણા એકમો સારી નાણાકીય ક્ષમતાવાળા હોવાનું મનાય છે ત્યારે તમને સોદાકીય કે નાણાકીય વ્યવહારનો ખર્ચ નીચો જાય તેવી આશા રાખી શકો છો. "લગભગ શૂન્ય ફી જેટલી સંભાવના સુધી આ વ્યવહારો જઈ શકે છે." એમ કુમારનું કહેવું છે. આજે લગભગ બધી બેન્કોમાં ફીનું માળખું એકસમાન છે, પરંતુ પેમેન્ટ બેન્કો આ સિનારિયો બદલી શકે છે.

ઈકરાના ફાઈનાન્શિયલ સેક્ટર રેટિંગ્સના ગ્રૂપ હેડ વિભા બત્રા આ અંગે ચેતવણીજનક સૂર ઉચ્ચારે છે: "વિવિધ બેન્કોના ચાર્જિસ મહદંશે નિયંત્રિત છે. હવે પેમેન્ટ બેન્કો આ સ્થિતિમાં સોદાકીય ખર્ચમાં ઘટાડો કરવામાં કેવી રીતે સફળ રહે છે તે જોવાનું છે.

### સારા સર્વિસ સ્ટાન્ડર્ડ:

પેમેન્ટ બેન્કો વચ્ચે ભારે સ્પર્ધા થશે જેનો વ્યાપ બીજી બેન્કો કરતાં વધારે હોવાનું મનાય છે અને આથી તે ગ્રાહકોની બદલાતી જતી જરૂરિયાતને પ્રતિસાદ આપવા માટે વધારે સારી સ્થિતિમાં હશે. તેના લીધે હાલની બેન્કોએ પણ સારી સેવા પૂરી પાડવી પડશે. બેન્કો અમલદારશાહીભર્યો અભિગમ દાખવશે તો ગ્રાહકો તેને બદલતાં નહીં અચકાય. ઉદાહરણ તરીકે કેટલીક બેન્કો તેમનો ખાતાધારક લાંબા સમયથી ગ્રાહક હોવા છતાં પણ ડિમાન્ડ ડ્રાફ્ટ જારી કરવા માટે ચેક પેમેન્ટ પર ભાર મૂકે છે. "નવી બેન્કોના પ્રવેશ માટે આ બધી બાબતો સારો આધાર બનશે." એમ કુમારનું કહેવું છે.

### ટેક્નોલોજીની મોટી ભૂમિકા:

વોડાફોન એમ-પેસા, એરટેલ મની અને ફિનો પેટેક જેવા કેટલાક એકમોને પેમેન્ટ બેન્કની મંજૂરી મળી છે, તેઓ મોબાઈલ આધારિત સેવાની સાથે ટેક્નોલોજીલક્ષી પેમેન્ટ પ્રોસેસિંગ સર્વિસિસનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે. "નવી બેન્કો ટેક્નોલોજીલક્ષી સોલ્યુશન્સનો અમલ કરે તેવી સંભાવના છે, તેથી ટ્રાન્ઝેક્શનનો સમય ઘટશે. તેના લીધે ગ્રાહકોને રોકડ વપરાશમાં ઘટાડો કરવામાં પણ મદદ મળશે." એમ દીવાનજીનું કહેવું છે.

### નવીનતા:

પેમેન્ટ બેન્કોએ પ્રસ્થાપિત બેન્કો સાથે સ્પર્ધા કરવાની હોવાથી પેમેન્ટ બેન્ક સ્વાભાવિક રીતે પોતાને તેના કરતાં અલગ પાડીને સ્પર્ધામાં રહેવા માંગશે. કુમાર માને છે કે તેના લીધે પ્રોડક્ટ સંરચના અને સર્વિસિસના ખ્યાલમાં જ ધરમૂળથી પરિવર્તન આવશે. "તેઓ ગ્રાહકના સંદર્ભમાં વિચારવાનું ચાલુ કરશે." એમ તેમણે જણાવ્યું છે.

### વ્યાપક નેટવર્ક:

પેમેન્ટ બેન્ક સ્થાપવા મંજૂરી અપાઈ છે તેવી કેટલીક કંપનીઓ ભૌતિક કે ડિજિટલ ક્ષેત્રે મજબૂત હાજરી ધરાવે છે. ઉદાહરણ તરીકે ઇન્ડિયા પોસ્ટ, પેટીએમ, ફિનો પેટેક અને ચોલામંડલમ્ ડિસ્ટ્રિબ્યુશન સર્વિસિસ વિશાળ ગ્રાહક આધાર ધરાવે છે. "કેટલાક એકમો તેમના વર્તમાન નેટવર્કની તાકાતને લિવરેજ કરવામાં સમર્થ નીવડશે, તેના લીધે બેન્કિંગ સર્વિસિસની એક્સેસેબિલિટીમાં પણ સુધારો થશે." એમ દીવાનજી જણાવે છે.



### RBIએ જે કંપનીઓને પેમેન્ટ બેન્કનું લાયસન્સ આપ્યું છે તેમની માહિતી...

- ટપાલ વિભાગ
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ
- આદિત્ય બિરલા નુવો
- વોડાફોન એમ-પેસા
- એરટેલ એમ-કોમર્સ
- ટેક મહિન્દ્રા
- સન ફાર્માના દિલિપ સંઘવી
- પેટીએમના વિજય શેખર શર્મા
- ચોલામંડલમ્ ડિસ્ટ્રિબ્યુશન સર્વિ.
- ફાઇનો પેટેક
- NSDL

**230 MN**

2020 સુધીમાં ભારતમાં ડિજિટલ બેન્ક ગ્રાહકોની સંખ્યા આટલી થવાનો અંદાજ છે.

**300 MN**

પેમેન્ટ બેન્ક અસ્તિત્વમાં આવવાથી ડિજિટલ ગ્રાહકોનો બેઝ આટલે પહોંચવાનો અંદાજ છે.

**50%**

આટલા ડિજિટલ બેન્કિંગ ગ્રાહકો પેમેન્ટ બેન્કનો અનુભવ લેવા માટે આતુર છે.

**20%**

આટલા લોકો નેટ એક્સેસ કરે છે.

અને **34%**

તેમાં દર વર્ષે આટલા દરે વૃદ્ધિ થાય છે

**35%**

ડિજિટલ ગ્રાહકોમાંથી આટલા ટકા ગ્રાહકો મોબાઇલ વોલેટ પણ વાપરે છે.

**180%**

મોબાઇલ વોલેટમાં વૃદ્ધિનો દર

સ્રોત: બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપ રિપોર્ટ 2015